# 3rd India-Australia-Japan-USA Quad Ministerial Meeting

February 18, 2021

# 3જી ભારત-ઓસ્ટ્રેલિયા-જાપાન-યુએસએની ચારમાર્ગીય મંત્રીઓની બેઠક

ફેબ્રુઆરી 18, 2021

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે તેઓનાં સમતુલ્યો વિદેશ મંત્રી મેરિસે પેઇને, વિદેશ મંત્રી તોસિમિત્સુ મોટેગી, અને સેક્રેટરી ઑફ સ્ટેટ એન્ટોની બ્લિન્કેન સાથે 18 ફેબ્રુઆરી 2021 નાં રોજ યોજાયેલી 3જી ભારત-ઓસ્ટ્રેલિયા-જાપાના-યુએસએની ચારમાર્ગીય મંત્રીઓની બેઠકમાં ભાગ લીધો હતો.

આ મંત્રીઓએ રાજકીય લોકશાહીઓ, બજાર આધારિત અર્થતંત્રો અને અનેકતાદી સમાજો તરીકેનાં તેઓનાં સમાન ગુણો પર પ્રકાશ પાડ્યો હતો. તેઓએ ઓળખ કરી હતી કે વિશ્વમાં થઇ રહેલા ફેરફારો તેઓનાં દેશો નિકટતાથી સાથે મળીને કાર્ય કરે તે માટેની પ્રબળ જરૂરીયાત રજૂ કરે છે. ફેરફારોની દિશા સકારાત્મક રહે અને બધા માટે લાભદાયક રહે તે આંતરરાષ્ટ્રિય સમુદાય માટે મહત્વપૂર્ણ છે.

મંત્રીઓએ પ્રાંતિય અખંડિતતા અને સ્વાધિનતાનો આદર કરવા સાથે નિયમો-આધારિત આંતરરાષ્ટ્રિય શાસન, કાયદાનું શાસન, પારદર્શકતા, આંતરરાષ્ટ્રિય સમુદ્રોમાં આવાગમનની સ્વતંત્રતા અને વિવાદોનાં શાંતિપૂર્ણ નિરાકરણ તરફની તેઓની કટિબદ્ધતા પર ભાર મૂક્યો હતો.

પ્રાંતિય મુદ્દાઓ પર તેઓનાં દ્રષ્ટિકોણોમાં ઉત્પાદક આદાનપ્રદાનમાં સ્પષ્ટ ASEAN સંઘાત અને કેન્દ્રિયતાને સમર્થન સાથે, મૂક્ત, ખુલ્લા અને સમાવેશક ઇન્ડો-પેસિફિક પ્રાંત માટેનાં તેઓનાં સંયુક્ત વિઝન તરપની પ્રતિબદ્ધતાનો સમાવેશ થતો હતો. એવી નોંધ લેવામાં આવી હતી કે ઇન્ડો-પેસિફિકને યુરોપ તરફથી સહિત બળોળું આંતરરાષ્ટ્રિય સમર્થન પ્રાપ્ત થઇ રહ્યું છે.

મંત્રીઓએ રસીકરણ સહિત કોવિડ-19 મહામારી સામેની લડાઇનાં પ્રવર્તમાન પ્રયાસો પર ચર્ચા કરી હતી. તેઓએ આ પડકારનું નિરાકરણ લાવવામાં સહકાર, સસ્તી રસીઓ, દવાઓ અને તબીબી સાધનોની સુલભતા વધારવા તરફની તેઓની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. 74 દેશોને રસીઓ પ્રદાન કરવાનાં ભારતનાં પ્રયાસોની ઓળખ અને પ્રશંસા કરવામાં આવી હતી.

મંત્રીઓએ આબોહવાનાં ફેરફાર તરફ પ્રતિભાવ આપવા અને મેરિટાઇમ સુરક્ષા, HADR, પુરવઠા સાંકળ ટકાવી રાખવા અને આતંકવાદનો સામનો કરવા જેવા ક્ષેત્રોમાં સહકાર આગળ વધારવા પર દ્રષ્ટિકોણોનું આદાનપ્રદાન કર્યું હતું.

મ્યાનમારમાં તાજેતરની ઘટનાઓ સંબંધિત ચર્ચામાં, ભારત દ્વારા કાયદાનું શાસન અને લોકતાંત્રિક સંક્રમણ જાળવી રાખવા ભારત દ્વારા પુનઃઉચ્ચારણ કરવામાં આવ્યું હતું. નિયમિત ચારમાર્ગીય પરામર્શો મૂલ્ય ધરાવે છે તેવી નોંધ લેતા, મંત્રીઓ આ ઉપયોગી ચર્ચા ચાલું રાખવા સંમત થયા હતા.

**નવી દિલ્હી**
**ફેબ્રુઆરી 18, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.